પેજ 3

મુંબઇની ઇવેન્ટમાં આવેલા સલમાન ખાનની હાલત જોઇને ફેન્સ ચિંતામાં

મુંબઈ, તા. 19 તાજેતરમાં જ સલમાન ખાન મુંબઈમાં એક ઈવેન્ટમાં જોવા મળ્યો અને ત્યાં તેમની હાલત જોઈને ફેન્સ ગભરાઈ ગયા છે અને પરેશાન થઈ ગયા. તેઓ એક્ટરની હાલત જોઈને તેમના સ્વાસ્થ્યને લઈને ચિંતામાં પડી ગયા છે. 60 વર્ષનો સલમાન અચાનક એકદમ વૃદ્ધ દેખાઈ રહ્યો હતો, ચહેરો પણ એકદમ કરમાઈ ગયેલો, સ્કીન લટકેલી અને કરચલીઓ જોવા મળી. સલમાનને આ રૂપમાં જોઈ ફેન્સ પરેશાન થઈ ગયા. સોશિયલ મીડિયા પર સલમાનની તસવીરો અને વીડિયો વાયરલ થવા લાગ્યા, જેના પર ફેન્સ રિએક્ટ કરી રહ્યા છે. વાસ્તવમાં, સલમાન શુક્રવાર, 18 જુલાઈના રોજ સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ)ની ઓફિસે પહોંચ્યો હતો, જ્યાં તેમણે ઓથોરિટીના એડવાન્સ ડેટા કલેક્શન એન્ડ વેરિફિકેશન સપોર્ટ સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું હતું.

દિયા મિર્ઝાએ સોનમ વાંગચુકનું સમર્થન કર્યું

મુંબઈ, તા. 19 : શનિવારે નવી દિલ્હીના જંતર મંતર ખાતે તેમની ચાલુ ભૂખ હડતાળ દરમિયાન પોલીસે કાર્યકર્તા સોનમ વાંગચુકને ત્યાંથી હટાવ્યા બાદ વ્યાપક પ્રતિક્રિયાઓ જોવા મળી છે, જેમાં અનેક હસ્તીઓ તેમના સમર્થનમાં આગળ આવી છે. આ વધતી જતી ચાદીમાં જોડાતાં અભિનેત્રી દિયા મિર્ઝાએ વાંગચુક અને જવાબદારી તથા પારદર્શિતાની માંગ કરી રહેલા વિદ્યાર્થીઓને જાહેરમાં પોતાનું સમર્થન આપ્યું છે, સાથે જ ભારપૂર્વક જણાવ્યું છે કે, તેઓ શાંતિપૂર્ણ વિરોધ કરવાના અધિકારની સાથે ઊભી છે. શનિવારે દિયાએ વાંગચુકના સમર્થનમાં એક નોંધ શેર કરવા માટે ઇન્સ્ટાગ્રામનો સહારો લીધો હતો, જેમાં તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઇતિહાસે વારંવાર દર્શાવ્યું છે કે કેવી રીતે દમન સામે શાંતિપૂર્ણ વિરોધ અને પ્રતિકારે પરિવર્તનકારી બદલાવ માટેનો માર્ગ મોકળો કર્યો છે.

જેનિફર વિંગેટે વિલિયમ ઇસ્માઇલ સાથે લગ્ન કર્યાં

મુંબઈ, તા. ૧૯ : અભિનેત્રી જેનિફર વિંગેટે તેમના નજીકના પરિવાર અને મિત્રોની હાજરીમાં એક ખાનગી લગ્ન સમારોહમાં બિઝનેસમેન વિલિયમ ઇસ્માઇલ સાથે લગ્ન કરી લીધાં છે. આ કપલે તાજેતરમાં ઇન્સ્ટાગ્રામ પર તેમના ખાસ દિવસની ઝલક શેર કરી હતી અને આ શાનદાર તસવીરોએ ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા છે, જે તેમના પ્રેમના સુંદર ઉત્સવને દર્શાવે છે. લગ્નની સૌથી હૃદયસ્પર્શી તસવીરોમાંની એક જેનિફર અને વિલિયમને હાથમાં હાથ નાખીને ચર્ચમાંથી બહાર નીકળતા દર્શાવે છે, જ્યારે તેમના પ્રિયજનો તેમના પર કન્ફેટીનો વરસાદ કરી રહ્યા છે. જેનિફર સ્ટ્રેપલેસ વ્હાઇટ બ્રાઇડલ ગાઉનમાં નાજુક ઘૂંઘટ સાથે ખૂબ જ સુંદર લાગી રહી હતી, જ્યારે વિલિયમે ક્રીમ વેસ્ટકોટ સાથે ક્લાસિક નેવી-બ્લુ સૂટ પસંદ કર્યો હતો.

ચીનમાં ભૂસ્ખલન થતાં આઠના મોત , 34 લાપતા



પેંગશુઇ કાઉન્ટીમાં થયેલા ભૂસ્ખલન પછી બચાવકર્મીઓ જીવિત લોકોને શોધવા કાટમાળ ફંફોસી રહ્યા છે

ચોંગકિંગ (ચીન), તા. 19 (AP) દક્ષિણ-પશ્ચિમ ચીનના ચોંગકિંગ શહેરમાં થયેલા ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા આઠ લોકોનાં મોત થયાં છે અને અન્ય 34 લોકો ગુમ થયા છે, જેમાં જીવિત બચેલા લોકોની શોધ માટે બચાવ ટુકડીઓએ રવિવારે કાટમાળ હટાવવા જેસીબી જેવા મશીનોનો ઉપયોગ કર્યો હતો. ચોંગકિંગના છેવાડે આવેલા પેંગશુઇ કાઉન્ટીમાં શુક્રવારે વહેલી સવારે મોટા પ્રમાણમાં પથ્થરો અને માટી ઢોળાવ પરથી નીચે ધસી આવ્યા હતા, જેમાં 10થી વધુ રહેણાક ઇમારતોને દટાઈ ગઈ હતી. રવિવારે સવારે આશરે નવ બચાવકર્મીઓ ઘટનાસ્થળેથી એક સીલબંધ નારંગી બેગ લઈ જતા જોવા મળ્યા હતા. તે તાત્કાલિક સ્પષ્ટ થઈ શક્યું નથી કે તેમાંથી કોઈ પીડિતને બહાર કાઢવામાં આવ્યો હતો કે કેમ. રાજ્યના પ્રસારણકર્તા સીસીટીવીએ અહેવાલ આપ્યો છે કે, સંભવિત અસરગ્રસ્ત વિસ્તારની 21 ઇમારતોમાં રહેતા તમામ રહેવાસીઓને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે.

ચોંગકિંગ સત્તાવાળાઓએ રવિવારે પ્રકાશિત એક વીચેટ પોસ્ટમાં જણાવ્યું હતું કે, સત્તાવાળાઓએ આપત્તિ સ્થળની એક કિલોમીટરની ત્રિજ્યામાં ઢોળાવ પર અને નીચાણવાળા વિસ્તારોમાં આવેલી ઇમારતોમાંથી સ્થળાંતર હાથ ધર્યું હતું, જેમાં 1,100થી વધુ લોકોને અન્ય સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, બચી ગયેલા 10 લોકોમાંથી એકને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે જ્યારે અન્ય નવ લોકોની હાલત સ્થિર છે. કાટમાળમાંથી બહાર કાઢવામાં આવેલા આઠ લોકોનાં મોત થયાં હતાં. શનિવારે ડોગ સ્ક્વોડ અને ડિટેક્ટર્સની મદદથી બચાવ ટુકડીઓને જીવનના સંકેતો મળ્યા હતા, જેનાથી પુષ્ટિ થઈ હતી કે ઓછામાં ઓછો એક જીવિત વ્યક્તિ હજી પણ કાટમાળ નીચે ફસાયેલી છે.

રામ મંદિર ટ્રસ્ટને 'પબ્લિક ટ્રસ્ટ'માં ફેરવવા નિર્મોહી અખાડાની સુપ્રીમમાં અરજી

સુપ્રીમ કોર્ટમાં દાખલ અરજીમાં કેન્દ્ર સરકારને નિર્દેશ આપવાની માગ કરવામાં આવી

નવી દિલ્હી, તા. ૧૯ (PTI): અયોધ્યામાં રામ મંદિરની બાબતોનું સંચાલન કરતા 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ'ને 'પબ્લિક ટ્રસ્ટ' તરીકે પુનર્ગઠિત કરવા માટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપવાની માગ સાથે નિર્મોહી અખાડાએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે.

સર્વોચ્ચ અદાલત સમક્ષ દાખલ કરાયેલી તેની અરજીમાં નિર્મોહી અખાડાએ એવા નિર્દેશો આપવાની માગ કરી છે કે આ ટ્રસ્ટનું વર્તમાન માળખું અને રચના ખાનગી ટ્રસ્ટ તરીકે છે, જે રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ જમીન વિવાદ કેસમાં નવેમ્બર ૨૦૧૯ના સર્વોચ્ચ અદાલતના ચુકાદાની ભાવના અને હેતુ સાથે અસંગત છે.

આ અરજી એવા નિકાલ કરાયેલા મામલામાં દાખલ કરવામાં આવી છે જેમાં સર્વોચ્ચ અદાલતે ૯ નવેમ્બર, ૨૦૧૯ના રોજ એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો, જેણે અયોધ્યામાં રામ મંદિરના નિર્માણનો માર્ગ મોકળો કર્યો હતો. ૨૦૧૯ના ચુકાદામાં કેન્દ્ર સરકારને મસ્જિદ બનાવવા માટે સુન્ની વક્ફ બોર્ડને પાંચ એકરનો પ્લોટ ફાળવવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો.

નિર્મોહી અખાડાએ મહંત રાજા રામચંદ્રાચાર્ય અતીત ગુરુ રઘુનાથ દાસ દ્વારા આ અરજી દાખલ કરી છે.

અરજીમાં કેન્દ્ર સરકારને નિર્દેશ આપવાની માગ કરવામાં આવી છે કે, યોજનામાં યોગ્ય ફેરફાર કરે અને ટ્રસ્ટને જાહેર ટ્રસ્ટ તરીકે પુનર્ગઠિત કરે તેમજ ટ્રસ્ટી મંડળના નિર્ણયોની દેખરેખ માટે સત્તાઓ સાથે રામાનંદી બૈરાગી સંપ્રદાયના સંતો દ્વારા બોર્ડ ઓફ ટ્રસ્ટીઝના નિર્ણયોની યોગ્ય દેખરેખ માટેના માળખાકીય સુરક્ષાના ઉપાયોનો તેમાં સમાવેશ કરે.

માત્ર 1.4 કિલો વજનના નવજાત પર અન્નનળીની જટિલ સર્જરી સફળ

અધૂરા માસે જન્મેલા આ બાળકની અન્નનળીનો નીચેનો ભાગ શ્વાસનળીમાં ખુલતો હતો

યુપીના કૌશાંબીની એક હોસ્પિટલમાં આ જટિલ શસ્ત્રક્રિયા સફળ રીતે પાર પાડવામાં આવી

નવી દિલ્હી, તા. 19 (PTI) : પડોશમાં આવેલા કૌશાંબીની એક હોસ્પિટલના ડોક્ટરોએ માત્ર 1.4 કિલો વજન ધરાવતા અને જોડિયા બાળકોમાંના એક એવા અકાળે જન્મેલા નવજાત શિશુમાં જીવલેણ જન્મજાત અન્નનળીની ખામીને સુધારવા માટે એક જટિલ સર્જરી સફળતાપૂર્વક પાર પાડી છે.

ઉત્તર પ્રદેશના કૌશાંબી સ્થિત યશોદા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું કે, 34 અઠવાડિયાના ગર્ભાવસ્થાના ગાળામાં જન્મેલા આ બાળકને 'ટાઈપ સી ટ્રેકિયો-ઓઇસોફેજલ ફિસ્ટુલા (TEF) વિથ ઓઇસોફેજલ એટ્રેસિયા' હોવાનું નિદાન થયું હતું. આ એક દુર્લભ જન્મજાત સ્થિતિ છે જેમાં અન્નનળીનો ઉપરનો ભાગ બંધ કોથળીમાં સમાપ્ત થાય છે, જ્યારે નીચેનો ભાગ અસામાન્ય રીતે શ્વાસનળી સાથે જોડાયેલો હોય છે. જન્મના ટૂંક સમયમાં જ, નવજાત બાળકના મોંમાંથી ફીણ આવવા લાગ્યા હતા, અતિશય લાળ સ્ત્રાવ થવા લાગ્યો હતો અને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. એક્સ-રે દ્વારા આ નિદાનની પુષ્ટિ કરવામાં આવી હતી, જેમાં ફીડિંગ ટ્યુબ ઉપરની અન્નનળીમાં ગૂંચળું વળી ગયેલી જોવા મળી હતી.

હોસ્પિટલના બાળરોગ સર્જન અને AIIMS-દિલ્હીના બાળરોગ સર્જરી વિભાગના ભૂતપૂર્વ વડા ડો. મીનુ બાજપાઈ દ્વારા બે કલાક લાંબી સર્જરી કરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં ત્રણ કરોડરજ્જુના મણકા જેટલી મોટી ગેપ હોવા છતાં અન્નનળીના બંને છેડાને જોડવામાં આવ્યા હતા.

ડો. બાજપાઈએ જણાવ્યું કે, "ખૂબ જ ઓછા વજનવાળા શિશુઓમાં પ્રાઈમરી ઓઇસોફેજલ એનાસ્ટોમોસિસ (અન્નનળીને જોડવાની પ્રક્રિયા) સુરક્ષિત રીતે થવાની ક્ષમતા ઘણી ઓછી હોય છે, જેમાં લગભગ 54 ટકા કેસોમાં વૈકલ્પિક પદ્ધતિઓની જરૂર પડે છે. અકાળે જન્મ થવાને કારણે જીવિત રહેવાની શક્યતા વધુ ઘટી જાય છે. તેમણે ઉમેર્યું કે, લગભગ 1.4 કિલો વજન ધરાવતા પ્રિમેચ્યોર બાળકોમાં સફળ પ્રાઈમરી રિપેર થવું હજુ પણ અસામાન્ય છે, જેમાં સફળતાનો દર 14 થી 43 ટકા વચ્ચે નોંધાયેલો છે. તેમણે જણાવ્યું કે સર્જરી પછીના કોન્ટ્રાસ્ટ સ્ટડી (એક્સ-રે ટેસ્ટ)માં ખોરાક પેટમાં સરળતાથી પસાર થવાની સાથે ગળવાની સારી ક્ષમતા જોવા મળી હતી, જે સફળ રિપેરિંગ દર્શાવે છે. આ સર્જરીમાં નવજાત શિશુના નિષ્ણાત ડો. દીપિકા, એનેસ્થેટિસ્ટ ડો. શેખર ગર્ગ તેમજ નર્સિંગ ટીમો દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

ચીનમાં કોમ્બેટ ઈવેન્ટમાં માથું કપાયા પછી પણ લડતો રહ્યો હ્યુમનૉઈડ રોબોટ

સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયોમાં લટકી પડેલા માથા સાથે રોબોટ કીક મારતો જોવા મળ્યો

બેઈજિંગ, તા. 19 ચીનના શેનઝેનમાં વિશ્વની સૌપ્રથમ ફુલ-સાઈઝ હ્યુમનૉઇડ રોબોટ ફ્રી-કોમ્બેટ ટુર્નામેન્ટની શરૂઆત રોમાંચક ઘટના સાથે થઈ હતી, જેમાં સ્પર્ધામાં ઊતરેલા રોબોટ્સમાંથી એક રોબોટનું મેચ દરમિયાન માથું કપાઈને લટકી ગયા પછી પણ લડતો રહ્યો હતો. આ ઘટના ચાઈનીઝ રોબોટિક્સ કંપની એન્જિનએઆઈ દ્વારા આયોજિત અલ્ટીમેટ રોબોટ નોક-આઉટ લિજેન્ડ (યુઆરકેએલ) સ્પર્ધાની ઓપનિંગ નાઈટ દરમિયાન બની હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલો એક વીડિયો દર્શાવે છે કે, ક્ષતિગ્રસ્ત રોબોટ તેનું માથું લટકતું હોવા છતાં પંચ અને કિક મારવાનું ચાલુ રાખે છે.

આ મુકાબલામાં એન્જિનએઆઈના બે ટી800 હ્યુમનૉઇડ રોબોટ્સ, વ્હાઇટ ઇગલ અને મેટાડોર સામસામે હતા. મેચ દરમિયાન વ્હાઇટ ઇગલે એક પાવરફુલ હાઇ કિક મારી જેના કારણે મેટાડોરનું માથું કપાઈને લટકી ગયું. ન્યૂઝવીકના જણાવ્યા અનુસાર, જ્યારે રોબોટ્સ એકબીજા પર પ્રહારો કરવાનું ચાલુ રાખતા હતા, ત્યારે માથું તેના સોકેટમાંથી લટકવા લાગ્યું હતું.

થોડી ક્ષણો પછી મેટાડોર આગળની તરફ પડ્યો, જેનાથી તેનું પોતાનું માથું તેના શરીર નીચે કચડાઈ ગયું. તેણે પાછા ઊભા થવાનો પ્રયાસ કર્યો, પરંતુ માથું સંપૂર્ણપણે અલગ થઈ ગયું, જેના કારણે રોબોટ ફરીથી નીચે તૂટી પડ્યો. વ્હાઇટ ઇગલે ડાન્સ સ્ટેપ્સ અને વિક્ટરી પોઝની શ્રેણી સાથે જીતની ઉજવણી કરી, તે પહેલાં અધિકારીઓએ હારેલા રોબોટને અખાડામાંથી હટાવી લીધો.

હૈદરાબાદની ઈજનેર નગ્નાવસ્થામાં મંદિરમાં જઈ મૂર્તિ લઈને તળાવમાં કૂદી

માનસિક અસ્થિર ગણાવાયેલી તેજસ્વિનીએ આત્મહત્યા કરી હોવાની પોલીસને આશંકા

પડોશના ઘરમાંથી મળેલા સીસીટીવી ફૂટેજમાં તેજસ્વી નગ્ન અવસ્થામાં દોડતી જોવા મળી

હૈદરાબાદ, તા. 19 : હૈદરાબાદમાં એક સોફ્ટવેર એન્જિનિયરના મોતના મામલે તપાસમાં એક અજીબોગરીબ વળાંક આવ્યો છે, જેમાં પોલીસે એક મંદિરની મૂર્તિની શોધખોળ શરૂ કરી છે જે મહિલા કથિત રીતે ડૂબી જતાં પહેલાં પોતાની સાથે તળાવમાં લઈ ગઈ હતી. તપાસ અધિકારીઓએ આ દુર્ઘટનાના મુખ્ય પરિબળો તરીકે ગંભીર માનસિક તકલીફ અને ફોબિયા તરફ ધ્યાન દોર્યું છે.

મૃતક, જેની ઓળખ તેજસ્વિની તરીકે થઈ છે, તેણે કથિત રીતે પોતાનાં કપડાં ઉતારી નાખ્યાં હતાં અને નજીકના મંદિરમાં નગ્ન હાલતમાં પ્રવેશ કર્યો, દેવી અમ્માવારુની મૂર્તિ ઉપાડી અને નજીકના તળાવ તરફ ચાલી ગઈ, જ્યાં તેણે પાણીમાં છલાંગ લગાવી દીધી.

બાદમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો, જ્યારે મૂર્તિ હજી પણ ગુમ છે. પડોશમાંથી મેળવેલા સીસીટીવી ફૂટેજમાં તેની હરકતો જોવા મળી હતી.

મોડી રાત્રે 2:35 વાગ્યે તે હાથમાં સાડી લઈને નગ્ન અવસ્થામાં કોલોનીમાં દોડતી જોવા મળે છે. પ્રાથમિક તપાસ અને પીડિતાના તબીબી ઈતિહાસ પરથી જાણવા મળ્યું છે કે તે ગંભીર ડિપ્રેશન અને તીવ્ર માનસિક સ્વાસ્થ્ય તકલીફનો સામનો કરી રહી હતી.

પોલીસે તપાસના ભાગરૂપે તેજસ્વિનીની માતા અરુણાની પૂછપરછ કરી છે.

તેઓ ઘટનાના અગાઉના દિવસોમાં મહિલાની કથિત સુસાઈડ નોટ, નાણાકીય વ્યવહારો અને તેની ગતિવિધિઓની પણ તપાસ કરી રહ્યા છે.

તપાસકર્તાઓને જાણવા મળ્યું છે કે, તેજસ્વિની એક ભાડાના ફ્લેટમાં રહી રહી હતી જ્યાં તે કથિત રીતે દરરોજ લગભગ 3,500 ચૂકવતી હતી, જે દર મહિને આશરે 1 લાખ જેટલું થતું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, તેજસ્વિનીએ આત્મહત્યા કરી હોવાની આશંકા છે. જોકે, ઘટનાઓનો ચોક્કસ ક્રમ અને તેના આ પગલા પાછળનો હેતુ હજી સુધી જાણી શકાયો નથી.

ગુયાના નજીક 116 લોકોને લઈ જતી ફેરી બોટ પલટી, 67ને બચાવી લેવાયા

બચાવ કામગીરીમાં સરકારીની સાથે ખાનગી બોટને પણ સામેલ કરવામાં આવી, મરણાંક અંગે કંઇ નથી કહેવાયું

મૈડ્રિડ, તા. ૧૯ (એપી): ૧૧૬ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને લઈ જતી એક ફેરી ગુયાનામાં પલટી ગઈ હતી, જેમાં અત્યાર સુધીમાં 15 બાળકો સહિત 67 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. એમ સત્તાવાળાઓએ રવિવારે જણાવ્યું હતું.

ગુયાનાના વડા પ્રધાન માર્ક ફિલિપ્સે જણાવ્યું કે, એમવી બારીમા પાટનગર જ્યોર્જટાઉનથી ઉત્તર એટલાન્ટિક કિનારે થઈને પોર્ટ કૈતુમા જઈ રહી હતી.

પબ્લિક વર્ક્સ મિનિસ્ટર જુઆન એડગિલે ફેસબુક પર જણાવ્યું હતું કે, સ્થાનિક સમય અનુસાર રાત્રે ૧૧:૦૧ વાગ્યે (જીએમટી મુજબ સવારે ૩:૦૧ વાગ્યે) એક કટોકટીનો સંદેશ મળ્યો હતો, જેના પગલે સરકારી અને ખાનગી બોટોને સામેલ કરીને સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

સત્તાવાળાઓએ જણાવ્યું કે, આ જહાજ પોમેરૂન નદી નજીક પલટી ગયું હતું.

સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશનની વિગતો સ્પષ્ટ નહોતી અથવા કોઈનું મૃત્યુ થયું છે કે કેમ તે જાણી શકાયું નહોતું, પરંતુ ગુયાનાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેઓ વધુ મુસાફરોને બચાવી લેવાની આશા રાખે છે.

એડગિલે જણાવ્યું હતું કે, જહાજમાં ૨૫૦ લાઈફ જેકેટ, બે રિજિડ લાઈફ રાફ્ટ અને છ ઈન્ફ્લેટેબલ લાઈફ રાફ્ટ ફીટ કરવામાં આવ્યા હતા.

રામ મંદિર દાનચોરી અંગે નિષ્પક્ષ તપાસની માગ સાથે કોંગ્રેસનો PMને પત્ર

રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ પત્ર લખી જવાબદારી અને નુકસાન ભરપાઈ સુનિશ્ચિત કરવા વિનંતી કરી

નવી દિલ્હી, તા. 19 (પીટીઆઈ): કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને અયોધ્યા રામ મંદિરમાં દાનની કથિત ઉચાપત અંગે નિષ્પક્ષ તપાસની માગ કરી છે. કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું છે કે, જે લાખો ભક્તોએ શ્રદ્ધા સાથે પોતાની મહેનતની કમાણી દાનમાં આપી હતી, તેઓ આ ચોરીથી છેતરાયા હોવાની લાગણી અનુભવી રહ્યા છે.

લોકસભા અને રાજ્યસભાના વિપક્ષી નેતાઓએ જણાવ્યું હતું કે, આ મુદ્દે વડા પ્રધાનનું મૌન અસ્વીકાર્ય છે અને તેમણે જવાબદારી તેમ જ નુકસાનની ભરપાઈ સુનિશ્ચિત કરવા વિનંતી કરી છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે, "તમારી સરકારની વિશ્વસનીયતા હવે તમારા પગલા પર નિર્ભર છે."

ખડગેએ રવિવારે એક્સ પર એક પોસ્ટમાં 18 જુલાઈના રોજ લખાયેલો પત્ર શેર કરતાં કહ્યું કે, "શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની નાણાકીય બાબતોની સ્વતંત્ર અને વ્યાપક તપાસની માંગ કરતો પીએમ મોદીને અમારો સંયુક્ત પત્ર. જે લાખો ભક્તોએ શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસ સાથે પોતાની મહેનતની કમાણી દાનમાં આપી હતી, તેઓ આ ચોરીથી છેતરાયા હોવાની લાગણી અનુભવી રહ્યા છે."

ગાંધીએ પણ વડા પ્રધાનને લખેલો પત્ર એક્સ પર શેર કરતાં કહ્યું, "વડા પ્રધાનજી, કરોડો ભક્તોએ શ્રી રામ મંદિરમાં શ્રદ્ધાપૂર્વક પોતાની મહેનતની કમાણી અર્પણ કરી છે - ત્યાં દાનની ચોરી હવે કોઈનાથી છૂપી નથી. ટ્રસ્ટના દરેક સભ્યની પસંદગી તમારી સરકાર દ્વારા કરવામાં આવી હતી. આ દાન ચોરી પર તમારું મૌન અસ્વીકાર્ય છે."

લોકસભામાં વિપક્ષના નેતાએ જણાવ્યું કે, "તરત જ નિષ્પક્ષ તપાસ કરાવો, સંપૂર્ણ હિસાબ સાર્વજનિક કરો અને ગુનેગારોને કાયદાના કટઘરામાં લાવો. તમારી સરકારની વિશ્વસનીયતા હવે તમારા પગલા પર નિર્ભર છે."